Extra No. 183

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, JULY 11, 2026 / ASADHA 20, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

(૧) સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૧૯/૦૫/૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર નં.LIB/ ઝાંઝરી ધોધ/જાહેરનામુ/૧૧૬૧/૨૦૨૬, તા.૦૮/૦૭/૨૦૨૬

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-:જાહેરનામુ:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/વશી/૬૨૩ થી ૬૩૮/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી-મોડાસા દ્વારા વંચાણ-૨ના પત્રથી અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ડાભા ખાતે આવેલ જાણીતા પ્રવાસન સ્થળ ઝાંઝરી ધોધના સ્થળે છેલ્લા ૨૫ વર્ષમાં સદર ઝાંઝરી ધોધ, વાત્રક નદીના પાણીના ધરામાં ડૂબી જવાના અકસ્માતે લપસી તણાઈ જવાના, પથ્થરની શીલાઓ પરના પાણી પર જામેલ લીલના કારણે લપસી પથ્થર ખડકો પરમાં પટકાઈને મૃત્યુ થવાના ઘણા બનાવો બનેલ છે. આવી ઘટનાઓ બનતી અટકાવવા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત તથા ધોધના/નદીના પાણીમાં પડી ન્હાવા કે જવા પર નિષેધ હોવાની સૂચનાઓના બોર્ડ પણ લગાવવામાં આવેલ હોવા છતાં આજુ બાજુના નજીકના જિલ્લામાંથી આવતા પ્રવાસીઓ/સહેલાણીઓ આ સુચનાઓનો અનાદર કરી ઝાંઝરી ધોધ ખાતેના પાણીમાં ન્હાવા પડી અકસ્માતે ડૂબીને જીવ ગુમાવવાના બનાવો અગાઉના વર્ષોમાં બનેલ છે. જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તથા પ્રવાસીઓ/સહેલાણીઓની સલામતી જળવાઈ રહે તે હેતુ માટે વાત્રક નદીના આશરે ૫ કિ.મી. લાંબા પ્રવાહ માર્ગ (જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી) નદીના પ્રવાહ માર્ગની આજુ-બાજુ વાત્રક નદી/ઝાંઝરી ધોધના કિનારે જઈ પાણીમાં પડવા, ન્હાવા કે નદી કિનારે આવેલ શીલાઓ પર કે જ્યાંથી ફોટોગ્રાફી કરવા જતા અકસ્માતે પગ લપસી જવાથી ઝાંઝરી ધોધના ઊંડા પાણીના ધરા કે પ્રવાહમાં ડૂબી જવા કે પથ્થરની શીલાઓ પર પટકાઈ ઈજા થવા અને મૃત્યુ થવાની સંભાવના રહેલી હોઈ આવી તમામ જગ્યાઓ પર સહેલાણીઓના ન્હાવા/પાણીમાં ઉતરવા/ બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ મુકવો જહેર જનતાના હિતમાં જરૂરી જણાતો હોય જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રેની કચેરીએ દરખાસ્ત કરેલ છે. ઉક્ત દરખાસ્ત તથા વંચાણ-૧ના પરિપત્ર મુજબ જાહેર હિત તથા જાહેર સલામતી ધ્યાને લેતા પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

આથી હું મિલિન્દ બાપના, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લામાંથી પસાર થતી વાત્રક નદીના આશરે ૫ કિ.મી. લાંબા પ્રવાહ માર્ગ (જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી) ની આજુ-બાજુ વાત્રક નદી/ઝાંઝરી ધોધના કિનારે જઈ પાણીમાં પડવા, ન્હાવા કે નદી કિનારે આવેલ શીલાઓ પર કે જ્યાંથી ફોટોગ્રાફી કરવા જતા અકસ્માતે પગ લપસી જવાથી ઝાંઝરી ધોધના ઊંડા પાણીના ધરા કે પ્રવાહમાં ડૂબી જવા કે પથ્થરની શીલાઓ પર પટકાઈ ઈજા થવા અને મૃત્યુ થવાની સંભાવના રહેલી હોઈ આવી તમામ જગ્યાઓ પર કોઇ પણ વ્યક્તિઓ/પ્રવાસીઓના પ્રવેશ પર તથા ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ મુકવા આ જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

આ જાહેરનામાની મુદત જાહેરનામાની તારીખ થી તા.૦૬/૦૯/૨૦૨૬ના ૨૪.૦૦ કલાક (બંન્ને દિવસો સહિત) સુધીની રહેશે.

આ જાહેરનામાનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળના ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મિલિન્દ બાપના
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 17:28:00 IST